ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u> તા: ૨૬/૯/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## ચંદ્રગ્રહણને ટેલીસ્કોપ દ્વારા નિહાળવાનો અનેરો અવસર
## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનું
## તખ્તેશ્વરની તળેટી પર સૂર્યોદય સમયે આયોજન

બ્રહ્માંડ એક અકલ્પનીય રૂપે વિશાળ સ્થાન છે. જેમાં ગ્રહો અને તારાઓના પરિભ્રમણથી જુદી–જુદી ખગોળિય ઘટના રચાતી હોય છે. જયારે સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર સીધી રેખામાં આવે તેમજ ચંદ્રની સપાટી પર પડતો સીધો સૂર્ય પ્રકાશ પૃથ્વીના પડછાયા દ્વારા રોકાય ત્યારે સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટના બને છે. <u>તા.૨૮ સપ્ટેમ્બરને સોમવારના</u> રોજ વહેલી સવારેઆવી જ સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટના નભમંડળમાં રચાનાર છે. જેભાવનગરના આકાશમાં પણ દેખાશે.

આ ગ્રહણનું અગત્યનું પાસું એ છે કે આ વખતે સૂર્યપ્રકાશ ચંદ્ર ઉપર પડતા પૃથવી રોકતી હોવા છતાં પૃથ્વીના વાતાવરણને લીધે સૂર્યપ્રકાશનું વિવર્તન થવાથી ચંદ્ર વહેલી સવારે આછા લાલ રંગનો દેખાશે. આ વરસમાં આવી ઘટના બીજી વખત રચાનાર છે. આ પહેલા પણ બે માસ પહેલાની પૂનમે સાંજે ભૂરો ચંદ્ર દેખાયેલ. આ ઘટનાને સુપરમૂન ઘટના પણ કહે છે.

આ રોમાંચક ખગોળીય ઘટનાને જનસમુદાય સુધી પહોંચાડવાના આશયથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા <u>તા.૨૮ સપ્ટેમ્બરને સોમવારના રોજ વહેલી સવારના રોજ ૫:૩૦ થી ૬:૩૦ કલાક દરમિયાન તખ્તેશ્વર મંદિર, ભાવનગર</u> ખાતે ટેલિસ્કોપ દ્વારા આ અનેરા અવસરને નિહાળવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ ચંદ્રગ્રહણ દર્શનના કાર્યક્રમમાં છેલ્લા ૩૩ વર્ષથી આ ક્ષેત્રેની કામગીરીનો અનુભવ ધરાવનારા જાણીતા ખગોળપ્રેમી પ્રા.સુભાષભાઈ મહેતા સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટનાની વિશેષ જાણકારી આપશે.

આ અવકાશી નજારાને નિહાળવા ભાવનગરની ખગોળપ્રેમી જનતાને લાભ લેવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાંજણાવાયું છે.

પ્રી.પ્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.